ચૂંટણીના પડઘમ - ડિસેમ્બરમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે રાજકીય પક્ષો કાર્યકરોને મેદાનમાં ઉતારવા તાલીમ આપી રહ્યા છે. રવિવારની સાંજે ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચાના કાર્યકરોનું સંમેલન દબદબાપૂર્વક યોજાયું. પ્રદેશ આગેવાનોએ યુવા કાર્યકરોને જોમ અને જુસ્સા સાથે ચૂંટણી માટે કાર્યરત બનવા આહ્વાન કર્યું હતું. (તસવીર : દિપક જાની)

મેઘરાજાનો મૂડ યથાવત વધુ એક ઈંચ વરસાદ

વરસાદના ભીંજારાથી વાતાવરણ ખુશનુમા

ગાંધીનગર, તા.૯

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી શ્રાવણના સરવરીયાની જેમ વરસતા વરસાદના લીધે વાતાવરણ ખુશનુમા બન્યું છે. આકાશમાં અંગડાઈ લેતા

વાદળો અલપ-ઝલપ વરસીને વિખેરાઈ જતાં સેક્ટરની શેરીઓ ભીંજાયેલી જોવા મળે છે. રોજબરોજ હળવા-ભારે ઝાપટા વરસાવતા મેઘરાજાના લીધે પ્રકૃતિમાં પણ અનોખો નિખાર આંખોને ઠંડક આપે છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન શહેરમાં ૨૬ મી.મી. વરસાદ નોંધાયો છે. શહેરમાં સતત વરસાદી ઝાપટાના લીધે ઠેર ઠેર પાણીના ખાબોચિયા ઉભરાયા છે. જયારે સેક્ટરોમાં વરસાદી સમસ્યાઓ ઉદભવતા રહીશોએ પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

શહેરમાં અધિક માસમાં અપાઢી માહોલ જામ્યો છે. સૂર્યપ્રકાશની ગેરહાજરી વચ્ચે રોજબરોજ વાદળિયા વાતાવરણમાં વરસાદ હાજરી પૂરાવી જાય છે. છેલ્લા સપ્તાહથી વરસતા વરસાદી ઝાપટાના લીધે નગરમાં નજર નાંખો ત્યાં પાણીના ખાબોચિયા ઉભરાતા નજરે પડે છે. સેક્ટરોના આંતરિક વિસ્તારોમાં પણ વરસાદી પાણીના ભરાવા વચ્ચે ગંદકીની સમસ્યા જટીલ બની છે. નગર આખું વરસાદી પાણીથી તરબોળ થતા વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી છે. છેલ્લા ૨૪ કલાકમાં પણ ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. વાતાવરણ ખુશ્નુમા બનતા નગરજનો પણ લવલી મોસમનો લુપ ઉઠાવી રહ્યા છે.

છેલ્લા પાંચ દિવસથી ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં મેઘરાજ મહેર કરી રહ્યા છે. હળવા - ભારે વરસાદી ઝાપટાની વચ્ચે મોસમનો કુલ વરસાદ ૧૨૬ મી.મી.એ પહોંચ્યો છે. સંતોષકારક વરસાદના કારણે ખેડૂતો સહિત સમગ્ર જિલ્લાના નાગરિકોમાં એક આનંદ - ઉલ્લાસનું મોજુ પ્રસર્યું છે. વર્ષમાં પ્રથમ વખત સાબરમતી નદી બે-કાંઠે વહેતા નગરજનો અને ઝામજનોમાં નવો ઉત્સાહ પ્રસર્યો છે.

શહેરના ૬૪૪ મકાનોના રીનોવેશનનું કામ પ્રગતિ હેઠળ : ૩૨ કરોડનો ખર્ચ

ગાંધીનગર, તા.૯

શહેરના ૧ સેકટરોમાં હાલ ૬૪૪ જેટલા મકાનોના મજબૂતીકરણનું કામ પ્રગતિ હેઠળ છે. રૂ. ૩૨ કરોડના ખર્ચે હાથ ધરાયેલ આ કામગીરી અન્વયે વિવિધ કેટેગરીના આવાસોને આવરી લેવામાં આવ્યા છે.

શહેરના સેકટરોમાં સ્થિત સરકારી આવાસોના મજબૂતીકરણનું તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહ્યું છે. નગરના સેકટરમાં સ્થિત વિવિધ કેટેગરીના ૧૧૨૩૮ આવાસો પૈકી ૫૮૬૫ મકાનોના મજબૂતીકરણની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. જયારે ૬૪૧૧ મકાનો હજુ યથાવત સ્થિતમાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરના વિવિધ ૧૬ સેકટરોમાં મકાનોનું રીનોવેશન ચાલી રહ્યું છે. જેમાં સે-

જ, ચ, જ-૨, ગ અને ગ-૧ પ્રકારના આવાસોના મજબૂતીકરણનું કામ ચાલુ

૧૬માં જ અને ચ-૧, સે-૩માં જ-૨, ચ અને ચ-૧ તેમજ સે-૧૩માં ચ-૧ કેટેગરીના તેમ કુલ મળીને ૫૬૪ યુનિટનું મજબૂતીકરણ હાથ ધરાયું છે. આ કામગીરી પાછળ રૂ. ૧૮.૩૪ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જયારે સે-૨૩, સે-૮, ૯, સે-૨૦ અને સે-૧૯માં પણ ગ અને ગ-૧ પ્રકારના ૮૦ મકાનોનું રીનોવેશન હાથ ધરવામાં આવ્યું છે. ગ અને ગ-૧ પ્રકારના આ આવાસોને નવીન રૂપરંગ આપવા રૂ. ૧૩.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવનાર છે. જયારે શહેરના અન્ય ૬૩૮ મકાનો આયોજન હેઠળ છે.

ફોક્સ વેગન, નિશાન અને ટોયોટા કાર ગુજરાતને ઘર બનાવે તેવી સંભાવના

લકઝુરિય કારના પ્રોજેક્ટોને રાજ્યમાં લઇ આવવા પ્રયાસો શરૂ કરાયા

ચૂંટણી પ્રચાર માટે ૨૦૦૭માં નેનો કાર હતી, ૨૦૧૨માં મારૂતી કાર

(વિશેષ પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર, તા.૯

ગુજરાત મોંઘીદાટ ગાડીઓનું ઓટોહબ બની રહ્યું છે ત્યારે નિશાન, ટોયોટા અને ફોર્ડ વેગને ગુજરાત તરફ નજર દોડાવીછે. આ ત્રણ ગાડીઓના મેન્યુફેક્ચરીંગ યુનિટ ગુજરાતમાં સ્થાપાય તેવી સંભાવના છે.

રતન તાતાની નેનો કારના પ્રોજેક્ટ થી લઈને જાપાનની મારૂતી કારના પ્રોજેક્ટ ગુજરાતમાં આકાર લઈ રહ્યાં છે. સાણંદ એ ગુજરાતનું ઓટો હબ બની રહ્યું છે અને તેનો વિસ્તાર છે કવિરમગામ-બેચરાજી માર્ગ ઉપર થઈ રહ્યો છે. નેનો કાર પછી ફોર્ડ અને ખુલ્લે કંપની તેમના કાર પ્રોજેક્ટ શરૂ કરી રહી છે.

હિરોહોન્ડાનો એક પ્રોજેક્ટ પણ ગુજરાતમાં આવી રહ્યો છે. રાજ્યમાં સાણંદ, વિરમગામ અને મુંન્દ્રા વિસ્તારમાં ઓટો એન્જીનિયરીંગના પ્રોજેક્ટ સ્થાપવા માટે રાજ્ય સરકારે ઈન્ફાસ્ટ્રક્ચર ઉભું કર્યું છે.

સાણંદમાં ઉભી કરવામાં આવેલી ઔદ્યોગિક વસાહતમાં ઓટો ઈન્સિલરીના પ્રોજેક્ટ માટે સાનુકૂલ વાતાવરણ સર્જાયું છે. નેનો કારનો પ્રોજેક્ટ ૨૦૦૭માં ગુજરાતમાં આવ્યો હતો ત્યારે વિધાનસભાની ચૂંટણી હતી, હાલ ૨૦૧૨માં મારૂતીનો પ્રોજેક્ટ આવી રહ્યો છે ત્યારે પણ વિધાનસભાની ચૂંટણી છે. ઈટાલીની મોભાદાર સ્પોર્ટર્સ કાર ફેરારીના સંચાલકો પણ ગુજરાતમાં તેનો કાર પ્રોજેક્ટ નાંખવા માટે સરકાર સાથે પ્રાથમિક ચર્ચા કરી ચૂક્યાં છે.

ગુજરાતના બંદર ક્ષેત્રનો વિકાસ ઓટો કાર કંપનીઓ માટે મોટું આકર્ષણ બન્યો છે. એટલા માટે જ પહેલાં મારૂતીએ તેનો કાર પ્રોજેક્ટ મુંન્દ્રા પાસે ઉભો કરવાની દરખાસ્ત સરકારમાં કરી હતી પરંતુ વિરમગામ-બેચરાજી સાઈટ સરકારના ઠ્ઠેવાથી પસંદ કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

ઈફેક્ટિવ એડ કેમ્પેઈનથી ભાજપ અને કોંગ્રેસે ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો

ઇલેક્ટ્રોનિક માધ્યમથી શરૂ થયેલા એડ કેમ્પેઇન ડિજિટલ અને પ્રિન્ટ મિડીયા સુધી વિસ્તરશે:બન્ને પાર્ટીઓના મુદ્દા પ્રજામાં આકર્ષણનું કેન્દ્ર

ગાંધીનગર, તા.૯

વિધાનસભાની ચૂંટણીને હજ્જ ત્રણ મહિનાની વાર છે ત્યારે ભાજપ અને કોંગ્રેસના એડ કેમ્પેઈનની અસર શરૂ થઈ છે. તમાચાની એડ સામે દશા અને દિશાનો જંગ છે.

ભાજપે કેન્દ્રની કોંગ્રેસ શાસિત યુપીએ સરકારને ટારગેટ બનાવી છે. ગુજરાતને કેન્દ્રના અન્યાયના મુદ્દે ઈફેક્ટિવ એડ કેમ્પેઈન શરૂ કર્યું છે. સીએનજી, કેરોસીન અને ડેઝલના મુદ્દે તમામા મારતી એડથી રાજ્યમાં ઉત્તેજના ફેલાઈ ચૂકી છે.

બીજી તરફ ગુજરાતની જનતાના પ્રશ્નોને લઈને કોંગ્રેસે પણ એડ કેમ્પેઈન શરૂ કર્યું છે. બન્ને પાર્ટીઓએ હાલ ઈલેક્ટ્રોનિક માધ્યમોથી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યોછે જે ડિજિટલ, સોશ્યલ મિડીયા અને પ્રિન્ટ મિડીયા સુધી વિસ્તરશે તેવું લાગી રહ્યું છે.

ભારતના ચૂંટણી પંચના અધિકારીઓ સપ્ટેમ્બરના મધ્યમાં ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે અને તેઓ જિલ્લા કલેક્ટરો તેમજ જિલ્લા પોલીસ વડાઓ સાથે બેઠક કરવાના છે, ત્યારબાદ દિલ્હીથી ચૂંટણીની તારીખ જાહેર થશે. એવું લાગી રહ્યું છે કે સપ્ટેમ્બરના છેલ્લા સપ્તાહમાં કે ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં ચૂંટણી તારીખ જાહેર થશે.

કોંગ્રેસના એક કેમ્પેઈનમાં સરકારથી નારાજ લોકોને નજર સમક્ષ રાખવામાં આવ્યા છે. યુવા લોકોને આઈકોન બનાવીને કોંગ્રેસ

● અનુસંધાન પાન-૭ પર

સે. ૧૬ શ્રી સોમનાથ મહાદેવ ખાતે ગણેશોત્સવ ધામધૂમથી ઉજવાશે

૧૯મીએ ભવ્ય શોભાયાત્રા નીકળશે : ૨૩મી સુધી વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૯

શ્રી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા આ વખતે ૧૯મી સપ્ટેમ્બરથી ગણેશ મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

ગણેશ મહોત્સવ સમિતિની આ માટે રચના કરવામાં આવી છે અને આ મહોત્સવની ઉજવણી માટે ૧૦થી પણ વધુ સમિતિઓની રચના ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા કરવામાં આવી છે.

આ ગણેશ મહોત્સવ સમિતિની યાદીમાં જણાવાયા પ્રમાણે ૧૯ સપ્ટેમ્બરથી ૨૩ સપ્ટેમ્બર સુધી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૯મીએ ભગવાન ગણેશની શોભાયાત્રા સે. ૭ના મનોરથી શ્રી વિક્રાંત પુરોહિતને ત્યાંથી નીકળી ૫-૪, નાગરિક બેંક સે. ૧૬ થઈ સોમનાથ મંદિર પહોંચશે.

૧૯મીએ રાત્રે ટેલેન્ટ ઈવનીંગ, ૨૦મીએ સંતવાણી, ૨૧મીએ મ્યુઝીકલ નાઈટ તેમજ ૨૨મીએ ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

૨૩મીએ સાંજે આ ગણેશ મહોત્સવની ઉજવણીનું સમાપન થશે અને ભગવાન ગણેશની મૂર્તિને નદીમાં વિસર્જન માટે લઈ જવામાં આવશે.

ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા આયોજન સમિતિ, સ્વાગત સમિતિ, સુશોભન સમિતિ, હિસાબ સમિતિ, શોભાયાત્રા સમિતિ, પ્રચાર સમિતિ, સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ, કારોબારી સમિતિ સહિતની સમિતિઓની રચના કરવામાં આવી છે. આ મહોત્સવની ઉજવણી માટે સીરાષ્ટ્ર કચ્છ મિત્ર મંડળ તેમજ રોટરી કલબ અને ડીસ્ટ્રીકટ બાર એસોસીએશનનો સહયોગ પણ સાંપડ્યો છે.

મોન્સુન ડિલાઈટ - સોમવી શુક ૨૦% ખાસ ડિસ્કાઉન્ટ આ કર્ટીંગ સાથે લાવનારને

GREEN LEAF
FINE DINE RESTAURANT & CAFE

પર્વો-પ્રસંગોએ વિશિષ્ટ સ્વાદ માણો

ઈન્ફોસીટીમાં શ્રેષ્ઠ પંજાબી ફુડનો આસ્વાદ માણો

ચાઈનીઝ, કોન્ટિનેન્ટલ ફુડ, પીઝા, સીઝલર અને ઘણું બધું

શુદ્ધ શાકાહારી રેસ્ટોરન્ટ

સવારે ૧૧-૦૦ થી બપોરે ૩-૦૦ સુધી ● સાંજે ૬-૩૦ થી રાત્રે ૧૧ સુધી

ગ્રીનલીફ રેસ્ટોરન્ટ એન્ડ કાફે

સુપર મોલ-૨, પહેલો માળ, રીબોક શો-રૂમની ઉપર, ઘ-૦ પાસે, ઈન્ફોસીટી, ગાંધીનગર
www.greenleafrestaurant.in
ફોન : ૬૬૨૮૦૦૧૮૬૩, ૬૫૫૮૨૮૦૫૭

પાર્ટી માટે જગ્યા ઉપલબ્ધ છે : બુકીંગ કરાવો

ગાંધીનગરનું શ્રેષ્ઠ ભોજન

શ્રદ્ધાંજલિ

સ્વ. પહિલાજ હીરાનંદ ચંચલાણી

આંખના પલકારામાં તમે ઓઝલ થઈ ગયા. હરપળ તમારી યાદ આવે છે. સરળ સ્વભાવ, હસમુખ ચહેરો અને મંદિર પ્રત્યેની તમારી શ્રદ્ધા અને સુંદર કામગીરી સદાય યાદ રહેશે. પ્રભુ તમારા પુણ્યાત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના.

લી.
સિંધી પંચાયત ગાંધીનગરના
સભ્યો, ટ્રસ્ટીઓ
શ્રી ઝુલેલાલ - સાંઈબાબા મંદિર
પરિવાર, સેક્ટર-૩૦

Gujarat State Petronet Limited

NOTICE

Gujarat State Petronet Limited

NOTICE

Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૧૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com